## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડેડી આખું વર્ષ તમે આમ જ કરો છો ઉત્તરાયણે પક્ષી મરી જાય`ટલે પતંગ નહીં... હોળીમાં પાણી બગડે અને દિવાળીમાં પ્રદુષણ થાય... એટલે મને એક ઢોલક મંજીરા લાવી દો... હું વગાડીશ...

# નવા આવાસો બાંધવા ખુલ્લી જગ્યાનો અભ્યાસ કરી નવી સાઈટ નક્કી કરાશે

### હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે : જયારે સેકટરોમાં જુના અને જર્જરિત આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી હોવાથી નવા આવાસો માટે ટુંકમાં સ્થળ પસંદગી કરાશે

ગાંધીનગર તા ૨૦

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો દાયકાઓના અંતે હવે જુના અને જર્જરિત થતા રહેણાંકને લાયક રહ્યા નથી. તબક્કાવાર જુના મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ટુંકમાં જ હજુ નવા આવાસો બાંધવા માટે ખાલી જગ્યાનો સર્વે કરી નવી સાઈટ પણ નક્કી કરાશે.

શહેરમાં હાલ સે-૬ માં નવા આવાસો બાંધવા માટેની કામગીરી ચાલી રહી છે. જયારે આવાસના નવા બ્લોક બાંધવાની સાથે જુના અને જર્જરિત મકાનો તોડવાનુ પણ કામ ચાલી રહ્યુ છે. જયારે બીજીતરફ અન્ય સેકટરોમાં પણ તબક્કાવાર જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના આવાસો રહેણાંકને લાયક ન રહ્યા હોવાથી થોડા ઘણાં મકાનોને બાદ કરતા મોટાભાગના આવાસો તોડવા માટે કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોમાં સ્થિત આ મકાનો ઘણાં જુના હોવાથી હાલ મોટાભાગના મકાનોનુ રીનોવેશન કરવાથી પણ રહેણાંકને લાયક બને તેમ નથી આવા સંજોગોમાં ડિઝાઈન સર્કલના અભિપ્રાયના અંતે મકાનો તોડવાની કેટેગરીમાં સમાવેશ કરી તબક્કાવાર નિર્ણય લેવામાં આવે છે. શહેરના સેકટરોમાં જુના મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ નવી કાર્યયોજના મુજબ કામ ચાલી રહ્યુ છે. સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હાલ સે-૬ માં આ કામગીરી ચાલી રહી છે. જો કે આવાસો તોડવાનુ કામ પણ સાથોસાથ ચાલતુ હોવાથી નવા આવાસો બાંધવાની કામગીરીમાં ઝડપ આવતી નથી. ત્યારે હજુ પણ સેકટરોમાં જુના મકાનો તોડી ટુંકમાં જ નવા આવાસો બાંધવા માટે નવી સાઈટ નક્કી કરાશે. આવાસોના નિકાલ બાદ ખાલી જગ્યાનો અભ્યાસ કરી નવા આવાસોના નિર્માણ માટે આયોજન કરાશે.

# શહેરના સરકારી શોપીંગ સેન્ટર્સનું આધુનિકરણ સાથે વિસ્તરણ કરવું જરૂરી

### ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે પાટનગરની વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને કરેલું મહત્વનું સૂચન : શહેરમાં વધતા ગેરકાયદેસર કોમર્શિયલ દબાણ પ્રવૃત્તિ પણ તેના થકી અટકશે તેવો પરિષદનો મત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના પાંચ દાયકાથી વધુના આયખાં દરમ્યાન નિર્ધારિત વસ્તીના લક્ષ્યાંકો કરતાં પણ ખૂબજ વધુ વસ્તી હાલ આ શહેરમાં વસવાટ કરી રહી છે જેને કારણે પાટનગરના આયોજન ટાણે સેક્ટર દીઠ જે શોપીંગ સેન્ટર્સ નિર્ધારિત કરી વિકસાવાયાં હતા તે હવે વામણાં પુરવાર થઈ રહ્યાં છે. અત્યારે શહેરમાં જે વસ્તી વસવાટ કરી રહી છે તે તથા આગામી સમયમાં અહીં જે વસ્તી વધારો થશે તેના યોગ્ય અનુમાનો આધારિત હવે સેક્ટર માંહેના સરકારી શોપીંગ સેન્ટરોને નવેસરથી અદ્યતન રીતે વિકસાવવા શહેરની સ્વૈચ્છિક સંસ્થા જાગૃત નાગરિક પરિષદ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં નિર્ધારિત વસ્તીના લક્ષ્યાંક મુજબ જે સરકારી શોપીંગ સેન્ટર્સ બનાવાયાં હતા તે હવે પુરતાં ના હોવાથી તેમજ નાગરિકોને ધંધા-રોજગાર અંગે અન્ય વિકલ્પ ના હોવાથી શહેરમાં ગેરકાયદેસર કોમર્શિયલ દબાણો કૂદકે ને ભૂસકે વધ્યાં છે તથા વધી રહ્યાં છે તે પરિસ્થિતિમાં સરકારી શોપીંગ સેન્ટરોને નવેસરથી ત્રણ માળના અદ્યતન બનાવી યોગ્ય વિકલ્પ પુરો પાડી શકાશે. આ સાથે શહેરના માર્ગોની આસપાસ પણ કોમર્શિયલ ડેવલપમેન્ટ માટેના પ્લોટ્સ ઉપલબ્ધ હોવાથી તેનો પણ વિકાસ સત્વરે કરવો જોઈએ તેવા સૂચન સાથે જાગૃત નાગરિક પરિષદે સેક્ટરોની મોટાભાગની જુની સરકારી દુકાનો ભયજનક હાલતમાં હોવાનું જણાવ્યું છે. સેક્ટર-૧માં માત્ર ૬ જ સરકારી દુકાનો છે જેમાંથી ૨ દુકાનો ગેરકાયદેસર રીતે બંધ રહે છે તેવો આક્ષેપ કરતા પરિષદે જણાવ્યું છે કે આ પ્રકારની સ્થિતિ અન્ય સેક્ટર્સમાં પણ જોવા મળી રહી છે. સેક્ટર-૭ તો મધ્યમાં હોવાથી સરકારે પણ મોટી સંખ્યામાં બહુમાળી આવાસો વિકસાવ્યાં છે ત્યારે તે મુજબ રહેવાસીઓ માટે શોપીંગની સુવિધા પણ વિકસાવવી જરૂરી જણાય છે જેની રાજ્ય સરકારે આગામી બજેટમાં જ જોગવાઈ કરવી જોઈએ. સેક્ટર-૨૧માં ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર તથા શાકમાર્કેટનું પણ નવીનીકરણ કરવુ જરૂરી હોવાનું જણાવતા પરિષદે અપના બજાર વિસ્તારને તેની સાથે જોડવાં વચ્ચેથી સરકારી આવાસો દૂર કરી જમીન ઉપલબ્ધ કરવાની સલાહ આપતાં પરિષદે અહી વધુ અદ્યતન દુકાનો અને રસ્તા તથા પાર્કિંગ સુવિધા વિકસાવવા સૂચન કર્યુ છે.

તાજેતરમાં મળેલી જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં ગાંધીનગરના વિકાસ માટે જ્યોતિન્દ્ર દવે, એચ.બી. વરિયા, ભાનુપ્રસાદ પુરાણી, સુમંતભાઈ શાહ, હસમુખભાઈ ઠાકર, જે.સી. પરમાર વગેરે અગ્રણીઓએ બહુમૂલ્ય આયોજન અંગે વિચારણા કરી મહત્વના સૂચનો કર્યા હતા.



**ચિલોડા ખાતે યુવાનોને એઈડ્સ અને જાતીય રોગ અંગે માર્ગદર્શન અપાયું**

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત દહેગામ રોડ પર આવેલ પ્રમુખ ઓરચીડ કોમ્પલેક્ષમાં ગુજરાત એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી અંતર્ગત ઉત્કર્ષ ફાઉન્ડેશન દ્વારા લિંક વર્કર સ્કીમમાં ગામના યુવાનોને એઈડ્સ સહિતના જાતીય રોગ સંબંધિત જન જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લિંક વર્કર મહેશભાઈ અને ટ્રસ્ટના અશોકભાઈ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# રાજ્યમાં ૩૧ લાખ ટનથી વધુ મગફળીનું ઉત્પાદન થશે

સૌરાષ્ટ્ર ઓઈલ મીલ એસોસિએશનની આજે એક મહત્વની બેઠક મળી હતી. જેમાં આ વર્ષે મગફળીના પાકના ઉત્પાદનના આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં આ વર્ષે ૩૧ લાખ ટન મગફળીના ઉત્પાદનનો અંદાજ છે. સારા વરસાદને કારણે મગફળીનું બમ્પર ઉત્પાદન થશે. તેમજ સીંગતેલનું ઉત્પાદન વધશે અને ભાવ અંગે ચર્ચા કરવામાં આવી હતી. એકબાજુ મગફળીના ઓપન હરાજીમાં દરરોજ ભાવ ઘટી રહ્યા છે. મગફળીના ઘટતા ભાવ વચ્ચે ઓઈલ મીલરો ભાવ અને પાકનો અંદાજ કાઢશે. રાજકોટ, ગોંડલ યાર્ડમાં મગફળીની બમ્પર આવકને લઈને ભાવ ઘટી રહ્યા છે. મગફળી પ્રથમવાર યાર્ડમાં આવી ત્યારે રૂ.૧૪૦૦થી ૧૫૦૦ ભાવ હતા. હાલ ખેડૂતોને રૂ.૮૦૦થી ૧૦૦૦ મળી રહ્યા છે. રાજકોટ અને ગોંડલ યાર્ડમાં દરરોજ ૪૦ હજાર ગુણી મગફળીની આવક છે. સરકાર દ્વારા ટેકાના ભાવે એક મણના રૂ.૧૦૧૮ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. આ અંગે સોમાના પ્રમુખ સમીર શાહે જણાવ્યું હતું કે, ગત વર્ષ કરતા ઉત્પાદન સારૂ થયું છે. પીવાના પાણી અને સિંચાઈનું પાણી પણ આવ્યું છે. રવિ પાક પણ સારો થશે. પામોલિન તેલની આયાત પર પાબંધી લાદવી જોઈએ. આ માટે સરકારને પણ આગામી દિવસોમાં રજૂઆત કરવામાં આવશે. મંદીના માહોલમાંથી ઉગરવા માટે સ્થાનિક ઉદ્યોગોને ફાયદો પહોંચે તે માટે સરકારે પ્રયત્નો કરવા જોઈએ. આયાત ઘટાડવામાં આવે તો ખેડૂતોને પણ ફાયદો થાય. એસોસીએશન તરફથી આ તમામ મુદ્દાઓ પરત્વે સરકારનું ધ્યાન દોરવામાં આવશે.




આસો વદ-૫ શનિવારના શુભ દિને નિર્ધારેલ શ્રી બળિયાદેવના મૂર્તિ પ્રતિષ્ઠામાં મંગલમય દિવ્ય પ્રસંગમાં સહભાગી થવા ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ પધારેલા. આ પ્રસંગે યોજેલા યજ્ઞ પૂર્ણાહુતિમાં હાજરી આપેલી. તેમનું સ્વાગત ગામના વડીલો વોર્ડ-૨ના મહામંત્રી અરવિંદસિંહે કરેલ. ગામના વડીલોમાં પ્રતાપજી ખાંટ, લક્ષ્મણસિંહ ખાંટ, પ્રહલાદજી ખાંટ, છગુજી ખાંટ, હીરાભાઈ ખાંટ વગેરેએ હાજર રહેલ.

# રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૦

પોરબંદરમાં અરબી સમુદ્રમાં લો પ્રેશરના પગલે પોરબંદરનો દરિયો તોફાની બનવાની અને આ નવી અપરએર સાયકલોનીક સીસ્ટમની અસરના ભાગરૂપે હજુ તા.૨૩મી ઓકટોબર સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં માવઠા અને કમોસમી વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલી સાયકલોનીક સીસ્ટમ અને લો પ્રેશર સર્જાવાને પગલે રાજયમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં ગઈકાલે વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો હતો અને ભારે પવન ફુંકાવાની સાથે અચાનક માવઠાનો વરસાદ તૂટી પડયો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રના અમરેલી, વેરાવળ, વડેરા, રંગપુર સહિતના પંથકોમાં વરસાદ નોંધાયો હતો. આ જ પ્રકારે દાહોદના ગરબાડા સહિતના પથકમાં પણ છૂટોછવાયો કમોસમી વરસાદ નોંધાયો હતો.

ગીર સોમનાથ સહિતના કેટલાક વિસ્તારોમાં પણ મેઘરાજાએ એન્ટ્રી કરી હતી. હવામાન ખાતાની આગાહી મુજબ,હજુ પણ તા.૨૩મી ઓકટોબર સુધી વરસાદી માહોલ રહેવાની શકયતા છે. રાજયમાં ફરી એકવાર માવઠાની પરિસ્થિતિને લઈ ખેડૂતો પાકની નુકસાનીને લઈ ભારે ચિંતામાં ગરકાવ થયા છે. હવામાન ખાતા દ્વારા અરબી સમુદ્રમાં સાયકલોનીક સીસ્ટમ અને લો પ્રેશર સર્જાતા માવઠાની આગાહી કરવામાં આવી છે. આમ તો ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે.

# સાયબર ક્રાઈમ અને ક્રિમિનલ્સ સામે સુરક્ષા આપી શકે તેવા નિષ્ણાતોની દેશમાં કમી છે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ભારતમાં ૫-જીનો પગપેસારો થઈ રહ્યો છે ત્યારે સાયબર ક્રાઈમ એટલી જ ઝડપથી વિકસતું જાય છે. દેશમાં પ્રતિદિન પાંચ લાખથી વધુ સુરક્ષા એલર્ટ પ્રાપ્ત થાય છે જે વૈશ્વિક સ્તરની સરખામણીએ ત્રણ ગણા વધારે છે. દેશમાં છ લાખ ડિજીટલી કુશળ કર્મચારીઓ છે પરંતુ માત્ર ૧૦ ટકા લોકો પાસે સાયબર સુરક્ષાની કૌશલ્યતા છે, જ્યારે ડેટા પ્રોટેક્શન અને પ્રાયવસી કૌશલ્ય આપણા દેશમાં ખૂબ જ ઓછું છે, આવા સંજોગોમાં લોકોએ તેમની સુરક્ષા જાતે જ કરવાની છે. ઓનલાઈન સુવિધાના ફાયદા છે તેટલા ગેરફાયદા પણ છે. તમને સરળ લાગતી સ્થિતિ ઘણીવાર જોખમી પુરવાર થાય છે. સાયબર ગુનેગારો આપણી સાયબર પોલીસ કરતાં વધુ ચતુર અને ઝડપી હોય છે. પળવારમાં તમારૂં બેન્ક એકાઉન્ટ ઝીરો બનાવી દેતા હોય છે. આટલી ચપળતા પોલીસ કે આપણે રાખી શકતા નથી, પરિણામે લૂંટાઈ ગયા હોવાનો અહેસાસ મોડો થાય છે અને સાયબર ગુનેગારો માલેતુજાર બનતા જાય છે.




એપ્લિકેશનની મદદથી ઓનલાઈન શોપિંગ સલામત હોય છે. ફિશિંગ મેઈલ, વોટ્સઅપ કે સોશ્યલ માધ્યમથી મોકલવામાં આવતી લિન્કનો ક્યારેય ઉપયોગ કરવો જોઈએ નહીં, કેમ કે ફ્રોડ લોકો તમારી ક્રેડીટ કે ડેબિટ કાર્ડની મહત્વની માહિતી મેળવીને મિનિટ્સમાં તમારૂં બેન્ક એકાઉન્ટ સાફ કરી શકે છે. ઓનલાઈન શોપિંગમાં ખાસ કરીને નિયમો અને શરતોનો અભ્યાસ કરવો આવશ્યક છે. શોપિંગ પહેલાં તમારૂં ઈન્ટરનેટ વાયરસ પ્રેરિત છે કે કેમ તેની પહેલાં ચકાસણી કરવી જોઈએ. એક જ ઉત્પાદનની કિંમતમાં મોટા ફેર હોય તો વિવિધ એપ્લિકેશન પર શોધ કરી તેને સરખાવો, કેમ કે નકલી વસ્તુ સસ્તી મળે છે. ખરીદી પછી શરતો, નિયમો, રસીદની પ્રિન્ટઆઉટ કે સ્ક્રીન શોટ મેળવી લેવો જરૂરી છે. શોપિંગ પૂર્ણ થયે વેબ બ્રાઉઝર કૂકીઝને અવશ્ય ક્લિયર કરવી જોઈએ.

● **ક્રેડીટ કે ડેબિટ કાર્ડની સુરક્ષા ચકાસો...**

બેન્કમાંથી આવેલા કાર્ડમાં આપવામાંઆવેલો ડિફોલ્ટ પીન નંબર અવશ્ય બદલો જોઈએ કે જેથી તેનો દુરપયોગ થાય નહીં. શંકાસ્પદ કે અનધિકૃત પ્રવૃત્તિ માટે તમારા કાર્ડ એકાઉન્ટના સ્ટેટમેન્ટને નિયમિતરૂપે નિરીક્ષણ કરો. વિક્રેતા તમારા કાર્ડને કેવી રીતે સ્વાઈપ કરે છે તેની પર નજર હોવી જરૂરી છે અને ખાસ કરીને તમારી હાજરીમાં ટ્રાન્ઝેક્શન થાય તે જોવું જોઈએ. વ્યક્તિગત માહિતી પૂછતાં ઈમેઈલ કે ફોનકોલનો જવાબ આપવો જોઈએ નહીં. બેન્કો આવી માહિતી ક્યારેય પૂછતી નથી. એટીએમનો ઉપયોગ કરતાં પહેલાં ચકાસવું જોઈએ કે કાર્ડના નિવેશ પેનલમાં કોઈ વિચિત્ર વસ્તુ નથી. ક્રેડીટ કે ડેબિટ કાર્ડને એક જગ્યાએ રાખવું નહીં. કેટલાક ઠગ ઓછા વ્યાજથી લોનની ઓફર કરે છે અને તમારી માહિતી મેળવે છે અને કહે છે કે તમારી લોન મંજૂર થઈ ગઈ છે તમારે કેટલાક રૂપિયા જમા કરાવવાના છે પછી લોન તમારા ખાતામાં આવી જશે —એવું કોઈ કહે તો વિશ્વાસ કરશો નહીં. બેન્ક લોન પાસ થયાનું પ્રમાણપત્ર ઓનલાઈન કદી આપતી નથી કે કોઈપણ રકમ જમા કરવાનું કહેતી નથી. બેન્કોના બનાવટી ઈમેઈલ કે ફોનકોલ્સથી સાવધાન રહેવું જોઈએ.

● **ફિશિંગ હુમલાથી સાવધાન રહો...**

ફિશિંગ હુમલો એ અસલ જેવી જણાતી બનાવટી વેબસાઈટ તૈયાર કરવાનો છે. સોશ્યલ નેટવર્કિંગ ફિશિંગ પણ વિવિધ પ્રકારે બેન્ક અને ટ્રેડીંગ વેબસાઈટ પર કોઈ ખાસ યોજનાની ઓફર, પ્રોફાઈલ અપડેટ કરવી જેવા વિવિધ પ્રકારો છે. અપડેટ જોવા માટે વપરાશકર્તાએ કોઈ લિન્કને અનુસરવાનું હોય છે જેના મારફતે હુમલાખોરો ખાનગી માહિતી મેળવી લેતા હોય છે. સોશ્યલ મિડીયા પર અંગત માહિતી કે બેન્કની ડિટેઈલ ક્યારેય રાખવી નહીં. વિવિધ બેન્કોના કાર્ડના પાસવર્ડને ક્યારેય કોમ્પ્યુટર કે મોબાઈલમાં રાખવા નહીં. સ્પામ બ્લોક કરતાં સોફ્ટવેરને કાયમ અપડેટ રાખવા જોઈએ. ખાસ કરીને અજાણ્યા સ્ત્રોત તરફથી આવેલા ઈમેઈલ કે વોટ્સઅપ લિન્કને ક્યારેય ખોલશો નહીં. ઈમેઈલ કે લિંક શંકાસ્પદ જણાય તો તેને ડિલિટ કરી નાંખો. ગ્રામરની ભૂલો તેમજ સ્પેલિંગ ચકાસવાથી ખબર પડે છે કે તમે જે જોઈ રહ્યાં છો તે અધિકૃત છે કે બનાવટી. કૌભાંડીઓ ઈમેઈલમાં એવા ગ્રાફિક્સનો ઉપયોગ કરે છે કે તમને તે અસલ જેવી દેખાય છે. હંમેશા બ્રાઉઝરની યુઆરએલ ચકાસવી જોઈએ. આંકડાઓથી શરૂ થતી વેબસાઈટ પર તમારી માહિતી ક્યારેય મૂકશો નહીં. કાર્ડની માહિતી માગતા ઈમેઈલ કે મેસેજનો જવાબ આપવો નહીં.

● **લોટરી લાગી છે તેવા ઇમેઇલ ખોલવા નહીં...**

તમને લોટરી લાગી છે તેવા ઈમેઈલ કે એસએમએસ ક્યારેય ખોલવા નહીં, કેમ કે તેમાં લાલચ જાગતાં તમારૂં બેન્ક એકાઉન્ટ સાફ થઈ શકે છે. કૌભાંડ કરનારા તત્વો બનાવટી ચેક, પ્રમાણપત્રોની સ્કેન કરેલી નકલ મોકલતા હોય છે. લોટરી મેળવવા માટે આ તત્વો તમને ચોક્કસ રકમ જમા કરાવવાનું કહે છે પરંતુ તેવી રકમ ક્યારેય જમા કરવી નહીં. મોટાભાગના ફ્રોડ ઈન્ડિયા બહારથી ઓપરેટ થતાં હોય છે. ખાસ કરીને ફેસબુક પર મહિલા ફ્રેન્ડ બનીને તમને આ ગેન્ગ લૂંટી લેતી હોય છે. કોઈપણ વ્યક્તિ તમને કારણ વિના એકપણ રૂપિયો આપતી નથી. તમારો મોબાઈલ નંબર પસંદ થયો છે અને તમને ઓફર કરવામાં આવે છે તેવું પણ કોઈ અધિકૃત કંપની કહેતી નથી. ખાસ કરીને નકલી ઈન્કમટેક્સ રિફંડ અને આરબીઆઈની નકલી વેબસાઈટથી આર્થિક વ્યવહારોના સંદેશા વહેતા થતાં હોય છે. સાયબર ગુનેગારો તમને મૂર્ખ બનાવીને પૈસા પડાવવા માટે તમને ફસાવતા હોય છે. ફેસબુકમાં મહિલા મિત્ર બન્યા પછી અમદાવાદના એક નામાંકિત ડોક્ટરે પાંચ લાખ રૂપિયા ગુમાવ્યા છે.

● **જો તમે રૂપિયા ગુમાવ્યા છે તો...**

જો તમે કોઈ અનધિકૃત વ્યવહારમાં રૂપિયા ગુમાવ્યા છે તો તમે સબંધિત બેન્કમાંથી છેલ્લા છ મહિનાના સ્ટેટમેન્ટ મેળવી લો. આક્ષેપિત વ્યવહાર બાબતના એસએમએસની કોપી ઝેરોક્સ કરાવો. એડ્રેસના પુરાવાની નકલો તૈયાર કરો. તમારી નજીકના પોલીસ સ્ટેશન કે સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તમામ પુરાવા આપીને ફરિયાદ નોંધાવો. કન્ટ્રી કોડ પ્લસ-૯૨, પ્લસ-૯૦, પ્લસ-૦૯ કે પ્લસ-૩૪૪ પર ક્યારેય મોબાઈલમાં જવાબ આપશો નહીં કે વાત ચાલુ ન રાખશો.

● **મોબાઇલની સુરક્ષા કેવી રીતે કરશો...**

મોબાઈલ ખરીદ્યા પછી ૧૫ આંકડાનો ઈન્ટરનેશનલ મોબાઈલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી (આઈએમઈઆઈ) નંબર સલામત જગ્યાએ લખીને રાખવો જરૂરી છે જે તમને ફોનમાંથી મળી જશે. ક્યારેય તમારો મોબાઈલ ખોવાઈ જાય કે ચોરી થઈ જાય ત્યારે આ નંબર તેને શોધવામાં બહું કામ લાગે છે. ક્યારેય કારણ વિના બ્યુટૂથ ચાલુ રાખવું નહીં. જો ચાલુ રાખવું હોય તો તેને છૂપા મોડ પર રાખો કે જેથી બીજા કોઈ વપરાશકર્તા તેને જોઈ શકે નહીં. ઉપકરણને લોક કરવાની સુવિધાનો ઉપયોગ કરવો હિતાવહ છે. સીમ કાર્ડ લોક કરવા માટે પીનનો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે ચોરી થવાના સંજોગોમાં સીમ કે મોબાઈલનો ઉપયોગ કોઈ કરી શકતું નથી. મોબાઈલની માહિતીનો હંમેશા બેકઅપ લેવો જોઈએ. કોઈને મોબાઈલ વેચવામાં આવે ત્યારે ફોનને ફેક્ટરી સેટીંગ પર સેટ કરવાનું સુનિશ્ચિત કરવું જોઈએ. હુમલાખોરો હુમલો કરવા કાયમ ઓન અને કાયમ ડિસ્કવરેબલ મોડમાં રહેતા ઉપકરણોનો ફાયદો ઉઠાવે છે.

● **ક્યા વાઇફાઇનો ઉપયોગ કરવો સલામત છે...**

વાઈફાઈ એ વાયરલેસ ફિડેલિટી માટેનું ટૂંકુ નામ છે. વાઈફાઈ એ કોમ્પ્યુટર અને મોબાઈલ ફોનને નેટવર્કિંગથી જોડે છે. હંમેશા વિશ્વાસપાત્ર નેટવર્ક સાથે જ જોડાણ કરવું જોઈએ. જરૂર ન હોય ત્યારે વાઈફાઈને બંધ કરવું હિતાવહ છે. એટલું જ નહીં, જરૂર ન હોય ત્યારે લોકેશન મોડ બંધ કરવું જોખમોથી બચાવે છે. પબ્લિક વાઈફાઈનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ કેમ કે તે અસુરક્ષિત પણ હોઈ શકે છે. જ્યારે મોબાઈલને કોમ્પ્યુટરથી જોડવામાં આવે છે ત્યારે એક્સટર્નલ ફોન મેમરી અને મેમરી કાર્ડને અપડેટેડ એન્ટીવાઈરસથી સ્કેન કરવો. યુઝરનેમ કે પાસવર્ડ ક્યારેય મોબાઈલ ફોનમાં રાખવો હિતાવહ નથી, કેમ કે વાઈરસ અસરગ્રસ્ત માહિતી બીજા મોબાઈલમાં સરળતાથી જતી રહે છે. ફોન ધારકે મોબાઈલ ઓપરેટીંગ સિસ્ટમને હંમેશા વિશ્વાસપાત્ર સોર્સથી અપગ્રેડ કરવી જોઈએ. કોઈપણ એપ્સ ડાઉનલોડ કરતાં પહેલાં તેની વિશિષ્ટતા જાણવી જોઈએ, કેમ કે કેટલીક લોભામણી એપ્સ તમારી અંગત માહિતીનો દુરપયોગ કરી શકે છે. કોઈપણ મોલવેરને દૂર કરવા તમારા ફોનને ફેક્ટરી સેટીંગ પર રીસેટ કરવો જોઈએ.

● **પાસવર્ડને પગના મોજાંની જેમ રાખો...**

કોમ્પ્યુટર કે મોબાઈલ અથવા ઓનલાઈન બેન્કીંગમાં વપરાતા પાસવર્ડ પગના મોજાં જેવા હોય છે, તેને વારંવાર બદલતા રહેવું પડે છે. વર્ષોથી એકનો એક પાસવર્ડ હોય તો તે ચોરી થવાનો ભય રહે છે. પાસવર્ડમાં ક્યારેય નામ, મોબાઈલ નંબર, જન્મતારીખ, વાહનનના નંબરનો ઉપયોગ કરવો નહીં. સળંગ આંકડાઓનો પાસવર્ડ હંમેશા જોખમકારક હોય છે. અલગ એકાઉન્ટ માટે અલગ પાસવર્ડનો ઉપયોગ કરવો હિતાવહ છે. પાસવર્ડને એવી કોઈ જગ્યાએ લખવો નહીં કે તે સાર્વજનિક હોય. મોબાઈલ કે પર્સમાં તો હરગીજ રાખવો નહીં. તમારૂં મગજ તમારા પાસવર્ડને સ્ટોર કરવા માટે શ્રેષ્ઠ સ્થાન છે.




## ઓનલાઇન શોપિંગ પહેલાં ફોન વાયરસ પ્રેરિત છે કે કેમ તેની પહેલાં ચકાસણી કરવી જોઇએ

ડિજીટલ ઈન્ડિયાના અભિયાનની સાથે કેન્દ્ર સરકારે એક બુકલેટ બનાવી છે જે કોમ્પ્યુટર અને મોબાઈલ વાપરતાં લોકો માટે સલામતીનો વિશ્વાસ પેદા કરે છે. "સાયબર સેફ્ટિ અને સાયબર સિક્યુરિટી અવરનેસ" નામની આ પુસ્તિકા કેન્દ્રના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગે બનાવી છે. આ પુસ્તિકાની આછેરી ઝલક આ પ્રમાણે છે જે ઓનલાઈન સુવિધાનો ઉપયોગ કરતાં લોકો માટે જાણવી જરૂરી છે.

● **નોકરીની ઓફર મળી છે, જરા ચકાસો...**

ઘણાં યુવાનો અને યુવતિઓ નોકરીની લાલચમાં તેમના રૂપિયા ગુમાવી બેસે છે. ઓનલાઈન અરજી કરીને નોકરી મેળવવાના લોભામણા ઈ-મેઈલનું ચલણ વધી ગયું છે. વ્યક્તિ પહેલાં ઓનલાઈન અરજી કરે છે પછી તેને ઓફર લેટર મોકલવામાં આવે છે પરંતુ વાસ્તવમાં યુવાન કે યુવતિ બનાવટી જોબ મેળવે છે. ઓફર લેટર પછી કૌભાંડીઓ સિક્યોરિટી ડિપોઝિટ જમા કરાવવાનું કહે છે અને તુરત જ રૂપિયા ઉપાડી લેતા હોય છે. સાયબર નિષ્ણાંતો કહે છે કે — બનાવટી ઈમેઈલને પ્રતિભાવ આપશો નહીં. રૂપિયા આપીને દુનિયામાં ક્યાંય નોકરી મળતી નથી તેનો ખ્યાલ રાખો, નોકરી માત્ર પ્રતિભા અને શિક્ષણના આધારે મળે છે. જોબ ઓફર માટે કંપનીની કાયદેસરતા ચકાસ્યા વિના આગળ વધશો નહીં. અધિકૃત જોબ ઓફર કંપનીના રજીસ્ટર્ડ ઈમેઈલથી મોકલવામાં આવે છે.

● **ઓનલાઇન શોપિંગમાં ખ્યાલ રાખો...**

તમને ઓનલાઈન શોપિંગ કરવું ગમે છે, વાંધો નહીં પરંતુ કેટલીક બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ. તમને સસ્તું મળે છે, કોઈપણ સમયે મળે છે, પરંતુ તે ટકાઉ છે કે કેમ, બ્રાન્ડેડ છે કે કેમ તેની ચકાસણી કરવી જરૂરી છે. કાયદેસરની વેબસાઈટ અથવા તો

## નોકરી કે લોન આપવા માટે ક્યારેય કોઇ અધિકૃત સોર્સ રૂપિયા માગતો નથી તેનો ખ્યાલ રાખો

## મોબાઇલ ફોનમાં પાસવર્ડ ક્યારેય રાખવો નહી અને વારંવાર પાસવર્ડ બદલતા રહેવું જોઇએ